# કાશ્મીરના ગુલમર્ગમાં આતંકી હુમલામાં સેનાના 2 કુલીઓનાં મોત, 3 જવાનો સહિત 4 ઘાયલ

**સેનાના** એક વાહન પર આતંકવાદીઓએ ગોળીબાર કર્યો

શ્રીનગર, તા. 24 (પીટીઆઈ) ઉત્તર કાશ્મીરમાં પર્યટન સ્થળ ગુલમર્ગથી છ કિલોમીટર દૂર સેનાના એક વાહન પર આતંકવાદીઓએ હુમલો કરતાં સેના સાથે કામ કરતા બે કુલીઓનાં ગુરુવારે મોત થયાં હતાં, જ્યારે ત્રણ સૈનિકો સહિત ચાર લોકો ઘાયલ થયા હતા. એમ અધિકારીઓએ અહીં જણાવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, આતંકવાદીઓએ સાંજે બોટા પાથરી વિસ્તારમાં આર્મી વાહન પર ગોળીબાર કર્યો હતો, જ્યારે તે અફ્રાવત રેન્જમાં નાગીન ચોકી તરફ જઈ રહ્યું હતું.

પ્રારંભિક અહેવાલોને ટાંકીને અધિકારીઓએ જણાવ્યું હતું કે, બે કુલીનાં મોત થયાં હતાં, જ્યારે અન્ય એક કુલી અને ત્રણ સૈનિકો ઘાયલ થયા હતા.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઘાયલ સૈનિકો પૈકી બેની હાલત ગંભીર હોવાનું જણાવવામાં આવ્યું છે અને વધારાના સૈનિકોને વિસ્તારમાં રવાના કરવામાં આવ્યા છે. અધિકારીઓએ જણાવ્યું કે, જ્યારે આતંકવાદીઓએ અંધાધૂંધ ગોળીબાર કર્યો ત્યારે વાહનમાં સવાર સૈનિકોએ જવાબી ગોળીબાર કર્યો હતો.

આર્મીના શ્રીનગર સ્થિત ચિનાર કોર્પ્સે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ''ભારતીય આર્મી અને આતંકવાદીઓ વચ્ચે બોટા પાથરી, બારામુલ્લામાં ટૂંકો ગોળીબાર થયો હતો.''

અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ વિસ્તાર સંપૂર્ણપણે આર્મીનું વર્ચસ્વ ધરાવે છે અને ભૂતકાળમાં એવા અહેવાલો આવ્યા છે કે એક આતંકવાદી જૂથે ઉનાળાની શરૂઆતમાં ઘૂસણખોરી કરી હતી અને અફ્રાવત રેન્જના ઉચ્ચ વિસ્તારોમાં આશ્રય લીધો હતો.

બોટા પાથરી વિસ્તારને તાજેતરમાં પ્રવાસીઓ માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.

જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ કહ્યું હતું કે, ઘાટીમાં તાજેતરના હુમલાઓ ગંભીર ચિંતાનો વિષય છે.



# પેરૂમાંથી મળી આવેલા એલિયન મમીઓના અભ્યાસમાં ચોંકાવનારી વિગતો બહાર આવતી હોવાનો નિષ્ણાતોનો દાવો

**આ મૃતદેહોમાં** કેટલાક પ્રકારની ધાતુઓની પણ હાજરી જણાઇ હોવાનો એક તપાસકર્તા ડોક્ટરે દાવો કર્યો

લીમા, તા. ૨૪: લેટિન અમેરિકન દેશ પેરૂમાંથી મળી આવેલા કેટલાક વિચિત્ર પ્રકારના મૃતદેહો, જે અન્ય ગ્રહના લોકોના મૃતદેહો હોવાની ઘણી ચર્ચા થઇ છે તે મૃતદેહોનો અભ્યાસ કરતા તેમાંથી કેટલીક ચોંકાવનારી વિગતો બહાર આવતી હોવાનો દાવો કેટલાક નિષ્ણાતોએ કર્યો છે.

પેરૂમાંથી એક ડઝન જેટલા નાની, વિચિત્ર પ્રજાતિના મૃતદેહો મળી આવ્યા હતા જેના પછી વિશ્વભરમાં તેના અંગે વિવાદ થયો હતો. આ મૃતદેહો આ પ્રદેશની પ્રાચીન નાઝકા સંસ્કૃતિના લોકોના હોવાનો ઘણીવાર દાવો થાય છે, જ્યારે કેટલાક દાવો કરે છે તે બીજા ગ્રહ પરથી આવેલા એલિયનોના મૃતદેહો છે. આ મૃતદેહો ચકાસનાર કેટલાક ડોક્ટરોએ દાવો કર્યો છે કે આ મૃતદેહોમાંથી કેટલીક હળવી ધાતુઓ પણ મળી આવી છે. મેક્સિકન નૌકાદળના ફોરેન્સિક ડોક્ટર ડો. જોઝ ઝાલ્સ બેનિતેઝ કહે છે કે  તે ઘણુ ગુંચવાડાભર્યું ધાતુ મિશ્રણ છે અને તેનો અભ્યાસ કરવા માટે ખાસ જ્ઞાન અને ટેકનિકની જરૂર છે. આ ધાતુઓમાં એલ્યુમિનિયમ, ચાંદી, તાંબુ, કેડમિયમ વગેરે નાના માત્રામાં હોઇ શકે છે એ મુજબ તેમણે જણાવ્યું હતું. જ્યાંથી આ ત્રણ આંગળીઓવાળા લોકોના મૃતદેહો મળી આવ્યા હતા તે સ્થળેથી મળી આવેલ એક છૂટા હાથની ચીરફાડ કરીને અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

પેજ 3

## લાઇવ કોન્સર્ટ દરમિયાન સ્ટેજ પરથી પડી ગઈ બિલી ઈલિશ




ન્યૂયોર્ક, તા. 24: લાઇવ કોન્સર્ટ દરમિયાન અમેરિકન સિંગર અને ગીતકાર બિલી ઇલિશ ન્યૂયોર્કમાં સ્ટેજ પરથી પડી ગઈ હતી. 22 વર્ષીય બિલી મેડિસન સ્ક્વેર ગાર્ડનમાં પરફોર્મ કરી રહી હતી. તે સ્ટેજ પરથી નીચે આવી રહી હતી ત્યારે સીડી પરથી ઊતરતી વખતે ઓછી લાઇટના કારણે તેણે પોતાનું સંતુલન ગુમાવ્યું અને તે સીધી જમીન પર પડી હતી. આ અકસ્માતમાં બિલીને પગમાં ઈજા થઈ હતી, જેના કારણે કાળા નિશાન પડી ગયા છે.  બાદમાં ગાયિકાએ તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર ઈજાની તસવીર શેર કરી હતી. બિલીએ 2015માં તેની પ્રથમ સિંગલ ઓશિયન આઇસ સાથે પોતાની ઓળખ બનાવી હતી. નવાઈની વાત એ છે કે આટલી નાની ઉંમરમાં બિલીએ 2 ઓસ્કાર એવોર્ડ જીત્યા છે.

## લોરેન્સ બિશ્નોઈના ભાઈનો દાવો, 'સલમાને અમારા સમુદાય સામે ચેકબુક મૂકી અને અમને પૈસાની લાલચ આપી'

મુંબઈ, તા. 24: જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ કથિત રીતે ઘણી વખત સલમાન ખાનને જાનથી મારી નાખવાની ધમકી આપી છે. કાળા હરણના શિકાર કેસમાં બિશ્નોઈ સમુદાય અભિનેતાથી નારાજ છે. હાલમાં જ ગેંગસ્ટરના પિતરાઈ ભાઈએ સલમાન પર આ અંગે ગંભીર આરોપ લગાવ્યા છે. કાળિયાર શિકાર કેસમાં સલમાનને લોરેન્સ બિશ્નોઈ અને તેની ગેંગ તરફથી ઘણી વખત ધમકીઓ મળી છે. હાલમાં જ ગેંગસ્ટરના પિતરાઈ ભાઈ રમેશ બિશ્નોઈએ સલમાન ખાન પર ગંભીર આરોપ લગાવ્યા છે. રમેશ બિશ્નોઈએ દાવો કર્યો છે કે, આ કેસમાં સલમાન ખાને બિશ્નોઈ સમુદાયને પૈસાની ઓફર કરી હતી. જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સના ભાઈ રમેશ બિશ્નોઈએ મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું છે કે, સમગ્ર બિશ્નોઈ સમુદાય સલમાન ખાન સાથે સંબંધિત કાળા હરણ કેસમાં જેલમાં બંધ ગેંગસ્ટરની સાથે છે. રમેશે આરોપ લગાવ્યો હતો કે સલમાન ખાને બિશ્નોઈ સમુદાયને પૈસાની ઓફર કરી હતી, પરંતુ સમુદાયે આ ઓફર ફગાવી દીધી હતી.

# ઉત્તર કોરિયાના બલૂનનો કચરો ફરીથી સિઓલમાં રાષ્ટ્રપતિના કમ્પાઉન્ડમાં પડ્યો



સિઓલ, તા. 24 (એપી): ઉત્તર કોરિયાના બલૂન દ્વારા વહન કરાયેલ કચરો ગુરુવારે મધ્ય સિઓલમાં રાષ્ટ્રપતિના કમ્પાઉન્ડ પર પડ્યો હતો, આ બીજી ઘટના છે, જેનાથી ઉત્તર કોરિયાના સંભવિત આક્રમણ દરમિયાન દક્ષિણ કોરિયન મુખ્ય સાઇટ્સની આંતરિક નબળાઈ અંગે ચિંતા વધી ગઈ છે.

આ ઘટના ઉત્તર કોરિયાના એ દાવા પર હરીફ કોરિયા દ્વારા એકબીજા સામે ધમકીઓ આપવા અને નિવેદનબાજી કર્યા બાદ બની છે કે દક્ષિણ કોરિયાએ આ મહિને પ્રચાર પત્રિકાઓ ફેલાવવા માટે તેની રાજધાની પ્યોંગયાંગ પર ડ્રોન ઉડાવ્યા હતા.

દક્ષિણ કોરિયાની રાષ્ટ્રપતિ સુરક્ષા સેવાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ગુરુવારે સવારે દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિના કમ્પાઉન્ડ પર ઉત્તર કોરિયાનો એક બલૂન ફાટ્યા બાદ જમીન પર ફેંકવામાં આવેલા કચરામાં કોઈ ખતરનાક વસ્તુઓ મળી ન હતી.

ઉત્તર કોરિયાએ શીત યુદ્ધ-શૈલીની મનોવૈજ્ઞાનિક ઝુંબેશની પુનઃશરૂઆતમાં મે મહિનાના અંતથી દક્ષિણ કોરિયામાં પ્લાસ્ટિક અને કાગળના કચરા જેવા કચરાની થેલીઓ વહન કરતા હજારો બલૂન મોકલ્યા છે. જુલાઈમાં દક્ષિણ કોરિયાના પ્રેસિડેન્શિયલ કમ્પાઉન્ડ પર જે કચરો પડ્યો હતો તેમાં કોઈ જોખમી સામગ્રી પણ નહોતી.

તાજેતરની આ ઘટના દરમિયાન દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ યુન સુક યેઓલ કમ્પાઉન્ડમાં હતા કે કેમ તે તરત જ જાણી શકાયું નથી. બાદમાં ગુરુવારે, તેઓ પોલેન્ડના રાષ્ટ્રપતિ એન્ડ્રેજ ડુડાને તેમની ઓફિસમાં મળ્યા હતા.



# નોર્વેના ઉત્તર કિનારે 50 લોકોને લઈ જતી ટ્રેન પાટા પરથી ઊતરી ગઈ, 1નું મોત

કોપનહેગન, તા. 24 (એપી)

નોર્વેના ઉત્તરી દરિયાકાંઠે ચાલતી એક ટ્રેન ગુરુવારે પાટા પરથી ઊતરી જતાં ઓછામાં ઓછા એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું અને ચાર લોકો ઘાયલ થયા હતા, જેમાં ઓછામાં ઓછા 50 લોકો સવાર હતા. એમ નોર્વેના મીડિયાએ અહેવાલ આપ્યો હતો.

પ્રારંભિક અહેવાલો સૂચવે છે કે, ઘટનાસ્થળે સામાન્ય ઈજાઓવાળા લોકો મળી આવ્યા હતા.

ટ્રેન-ઓપરેટર એસજેએ જણાવ્યું હતું કે, ટ્રેનની 90 ટિકિટ વેચાઈ ગઈ હતી, પરંતુ તે તરત જ કહી શકતો નથી કે કેટલા લોકો સવાર હતા.

પોલીસ પ્રવક્તા કેનેથ લૌરિટસને અખબાર ડેગબ્લેડેટને જણાવ્યું હતું કે, પાટા પરથી ઊતરી જવાથી એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું. પાંચ-છ લોકો ઘાયલ થયા હતા. પોલીસે અગાઉ નોર્વેની ન્યૂઝ એજન્સી એનટીબીને જણાવ્યું હતું કે, ઘટનાસ્થળે નાની ઈજાઓવાળા લોકો મળી આવ્યા હતા. તેઓને 1238 જીએમટી વાગ્યે પાટા પરથી ઊતરી જવાની સૂચના આપવામાં આવી હતી.

પોલીસે એનટીબીને જણાવ્યું હતું કે, એક ખડક સરકવાને કારણે પાટા પરથી ઊતરી જવાની શક્યતા છે. વીજી અખબારે પાટા પર એક વિશાળ ખડકનો ફોટો છાપ્યો હતો, જેની સાથે ટ્રેન અથડાઈ હતી.

આર્કટિક સર્કલ એક્સપ્રેસ ટ્રોન્ડહેમથી ઉત્તરીય શહેર બોડોઈ તરફ જઈ રહી હતી. એનટીબી, ઉત્તરી નોર્વેના સંયુક્ત બચાવ સંકલન કેન્દ્રને ટાંકીને જણાવ્યું હતું કે, ''ટ્રેનમાં 50થી 70 લોકો સવાર હતા.''

# કેનેડા હવે વિદેશોમાંથી આવતા લોકોની સંખ્યા પર કાપ મૂકશે

**મોટા** પ્રમાણમાં ઠલવાતા ઇમિગ્રન્ટો અંગે સ્થાનિક લોકોમાં કચવાટ વધતા લેવાયેલો નિર્ણય

**વડાપ્રધાન** ટ્રુડોએ પોતાની સરકારની ઇમિગ્રેશન નીતિની નિષ્ફળતા કબૂલી

ટોરોન્ટો, તા. ૨૪: વિદેશોમાંથી વસવાટ અને નોકરી માટે આવી રહેલા લોકોની સંખ્યામાં થયેલા ભારે વધારા અંગે સ્થાનિક લોકોમાં કચવાટ અને ચિંતા વધતા હવે કેનેડા સરકારે નવા ઈમિગ્રન્ટોની સંખ્યામાં કાપ મૂકવાનો નિર્ણય કર્યો છે. કેનેડાના વડાપ્રધાન જસ્ટિનો ટ્રુડોએ આજે જણાવ્યું હતું કે ઈમિગ્રન્ટોની સંખ્યામાં કાપ મૂકવામાં આવશે. તેમણે કબૂલ્યું હતું કે તેમની સરકારની વધુ ઈમિગ્રન્ટોને આવકારવાની નીતિ નિષ્ફળ રહી છે.

ટ્રુડોની લિબરલ સરકારની આગામી દરેક બે વર્ષમાં પાંચ લાખ નવા કાયમી રહીશોને મંજૂરી આપવાની તેની યોજના બદલ ટીકાઓ થઇ હતી. આજે તેમણે જણાવ્યું હતું કે આવતા વર્ષ માટેનું લક્ષ્ય હવે ૩૯૫૦૦૦ નવા પરમેનન્ટ રેસિડન્ટોનું રહેશે. અને ૨૦૨૬માં આ આંકડો ઘટીને ૩૮૦૦૦૦ અને ૨૦૨૭માં ઘટીને ૩૬૫૦૦૦ થશે. તેમણે કહ્યું હતું કે આનાથી આગામી બે વર્ષ માટે વસ્તી વધારો અટકી જશે. ૨૦૧૯માં કેનેડાની વસ્તી ૩ કરોડ ૭૫ લાખ હતી તે હાલ આ વર્ષના એપ્રિલમાં ૪ કરોડ ૧૦ લાખ થઇ ગઇ હતી.




# રેલવે દિવાળી અને છઠ પૂજા માટે 7,000 સ્પેશિયલ ટ્રેનો દોડાવશે

નવી દિલ્હી, તા. 24 (પીટીઆઈ)

ભારતીય રેલવે આ વર્ષે દિવાળી અને છઠ પૂજા માટે દરરોજ બે લાખ વધારાના મુસાફરોની સુવિધા માટે 7,000 વિશેષ ટ્રેનો દોડાવશે. એમ રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે ગુરુવારે અહીં એક પ્રેસ બ્રીફિંગમાં જણાવ્યું હતું.

રેલવે અધિકારીઓના જણાવ્યા અનુસાર, તહેવારોની ભીડને પહોંચી વળવા ગયા વર્ષે દિવાળી અને છઠ પૂજા દરમિયાન 4,500 વિશેષ ટ્રેનો દોડાવવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, મુસાફરોની સંખ્યામાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને મંત્રાલયે આ વર્ષે સેવાઓ વધારવાનો નિર્ણય કર્યો છે.

ઉત્તર રેલવે (એનઆર) નોંધપાત્ર સંખ્યામાં ટ્રેનોનું સંચાલન કરશે. કારણ કે, આ સમયગાળા દરમિયાન ઘણા મુસાફરો દેશના પૂર્વીય ભાગોમાં મુસાફરી કરે છે. તાજેતરના અખબારી નિવેદનમાં એનઆરએ જણાવ્યું હતું કે, તે લોકોને તેમના સંબંધિત ગંતવ્ય સુધી પહોંચવામાં મદદ કરવા માટે વિશેષ ટ્રેનોની લગભગ 3,050 ટ્રિપ્સનું સંચાલન કરશે.

નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે, ''2023માં ભારતીય રેલવેએ ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો દોડાવી હતી, જેમાં ઉત્તર રેલવેએ ખાસ ટ્રેનોની 1,082 ટ્રિપ્સ દોડાવી હતી. આ વર્ષે, 3,050 ટ્રિપ્સ ચલાવવામાં આવશે, જે 181 ટકાનો વધારો છે.''

નિવેદનમાં ઉમેર્યું હતું કે, ''સ્પેશિયલ ટ્રેનો ઉપરાંત મુસાફરી માટે વધુ ક્ષમતા પેદા કરવા માટે ટ્રેનોમાં વધારાના કોચ પણ જોડવામાં આવશે.''